# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૦૧ તા.૦૧-૦૪-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- તમામ ખાનગી શાળાઓ તથા સરકારી શાળાઓના શિક્ષકો તથા અન્ય સ્ટાફને ફાયરને લગતી તાલીમ આપવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૨૬-૦૨-૨૦૨૧ના રોજ ઓરલ ઓર્ડરથી ગુજરાત સરકાર હસ્તકની તમામ સરકારી અને ખાનગી શાળાઓમાં ફાયર સેફટીના સાધનો લગાવવા તથા તમામ સ્ટાફને તાલીમ આપવા જણાવેલ હોવાથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ફાયર વિભાગ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ, જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેર અને ગ્રામ્ય તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અમદાવાદના સંયુકત ઉપક્રમે તા.૦૫-૦૪-૨૦૨૧ને સોમવારના રોજ સવારે ૧૧-૦૦ થી ૧૨-૦૦ કલાક દરમ્યાન બાયસેગ સ્ટુડીયો ગાંધીનગરની ચેનલ વંદે ગુજરાત-૧ ઉપરથી લાઈવ ટેલીકાસ્ટના માધ્યમથી ટેલીકોન્ફરન્સ તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમમાં શાળાના તમામ શિક્ષકો તથા અન્ય કર્મચારીઓ તાલીમ મેળવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ તાલીમમાં અ.મ્યુ.કો.ના ચીફ ફાયર ઓફિસરશ્રી તથા તેમની ટીમ શાળાઓમાં ફાયર સેફટી સંદર્ભે સુંદર માર્ગદર્શન આપનાર છે. તેથી એકપણ શિક્ષક આ તાલીમથી વંચિત ન રહે તે માટે યોગ્ય આયોજન, વ્યવસ્થાપન કરવાનું રહેશે. તા.૩-૪-૨૦૨૧ના રોજ તમારી શાળામાં બાયસેગ પ્રસારણને ચેક કરી લેશો. પ્રસારણ ચાલુ ના થાય તો તેને તાત્કાલિક ચાલુ કરાવવું.તા.૫-૪-૨૦૨૧ના રોજ પ્રસારણ નિહાળતા તમામ સ્ટાફનો ફોટોગ્રાફ તમારા બીટ સુપરવાઈઝરને વોટસઅપ કરશો.

તા.૫-૪-૨૦૨૧ના રોજ તાલીમ કાર્યક્રમ પૂર્ણ થયેથી નીચે મુજબના ફોર્મેટમાં જે-તે સુપરવાઈઝરશ્રીને બપોરે ૧૩-૦૦ કલાક સુધીમાં માહિતી મોકલી આપવાની રહેશે.

ટેલીકોન્ફરન્સ નિહાળેલ વ્યક્તિઓની માહિતી

| શાળાનું નામ | ઉપસ્થિત રહેલ શિક્ષકોની સંખ્યા | ઉપસ્થિત રહેલ અન્ય કર્મચારીઓની સંખ્યા | તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ કુલ સંખ્યા | નોંધ |
|---|---|---|---|---|
| | | | | |

તા.૦૧-૦૪-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી